New item નવી સેવા વર્ષ ૨૦૧૮-૧૯
નવી બાબત મિશન બલમ્ સુખમ્ - આઇસીડીએસ મિશન અંતર્ગત સંકલિત બાળ વિકાસ સેવા (ICDS) યોજના હેઠળ ૩ વર્ષથી ૬ વર્ષના બાળકોને યુનિફોર્મ પુરા પાડવા અંગેની વહીવટી મંજુરી

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૮/૮૪/બ

સચિવાલય, ગાંધીનગર

તા. 03-04-૨૦૧૮

સંદર્ભ:-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૭/૨/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃ એન-૩/સ્ટોર/નવી બાબત વર્ષ ૧૮-૧૯/આઇસીડીએસ મિશન/આં.વાડી/બાળકો/યુનિફોર્મ/૬૨૩૦-૩૨/૨૦૧૮

ઠરાવ:-

સંદર્ભ (૧) અન્વયે મિશન બલમ્ સુખમ્ – આઇસીડીએસ મિશન અંતર્ગત સંકલિત બાળ વિકાસ સેવા (ICDS) યોજના હેઠળ ૩ વર્ષથી ૬ વર્ષના બાળકોને યુનિફોર્મ પુરા પાડવા અંગેની રૂ.૩૫,૭૨,૨૧,૨૫૦/- ની જોગવાઈ માટે વર્ષ ૨૦૧૮-૧૯ નવી બાબત તરીકે દરખાસ્ત રજુ કરેલ હતી.

હાલ આંગણવાડી કેંદ્રોના બાળકોના યુનિફોર્મ માટે કોઇ સહાય આપવામાં આવતી નથી. વર્ષ ૨૦૧૮-૧૯ માં મિશન બલમ્ સુખમ્ – આઇસીડીએસ મિશન અંતર્ગત સંકલિત બાળ વિકાસ સેવા (ICDS) યોજના હેઠળ ૩ વર્ષથી ૬ વર્ષના બાળકોને યુનિફોર્મ પુરા પાડવા અંગે બાળકદીઠ રૂ.૨૫૦/- લેખે ની રૂ. ૩૫,૭૨,૨૧,૨૫૦/- (રૂ. પાંત્રીસ કરોડ બોતેર લાખ એક્વીસ હજાર બસો પચાસ પુરા) ની બજેટ જોગવાઈમાંથી નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્ર: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ મંજુરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૧૧) જ્યારે અને જરૂર જણાયે તથા શક્ય બને ત્યારે ભારત સરકારનું ફંડ મેળવવાનું નિશ્ચિત કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી ક્રમાંક | ૧૦૬ |
| મુખ્ય સદર | ૨૨૩૬ પોષણ |
| પેટા મુખ્ય સદર | ૦૨ પોષણ ખાદ્ય અને પીણાની વહેંચણી |
| ગૌણ સદર | ૮૦૦ – અન્ય ખર્ચ |
| પેટા સદર | ૧૯- મિશન બલમ સુખમ (૧૦૦% સ્ટેટ બર્ડન) |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉ.ર નાણા વિભાગની તા.૨૬-૩-૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ

1. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
2. માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
3. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
7. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
8. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
9. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
10. વિભાગના સર્વે શાખાઓ
11. સિલેક્ટ ફાઇલ